Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# :: પરિપત્ર ::

યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુદાનીત કે સરકારી કોલેજોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતા આચાર્યશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અગાઉ અધ્યાપકોને શરતી બહાલી આપવામાં આવેલ હોય, તે સંદર્ભે નિમણૂંક પામેલ અધ્યાપકોએ ૧૧ વર્ષમાં શરત પરિપૂર્ણ કરવાની હોય, પરંતુ હાલમાં કોરોના મહામારીને કારણે કોઈ સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજી શકાય નથી તથા જે તે અધ્યાપકોનું પીએચ.ડી. નું કામ સ્થગિત થયેલ હોય, જેથી આવા અધ્યાપકોની શરતી બહાલી અન્વયે મુદતમાં વધારો કરવા અંગે યુનિવર્સિટીના કાર્યાલયને મળેલ રજૂઆતો સંદર્ભે સિન્ડિકેટની તા.૨૧–૦૯–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક: ૪૧ અન્વયે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં શરતી નિમણૂંક પામેલ અધ્યાપકો તા.૩૧–૧૨–૨૦૨૧ સુધીમાં લાયકાતની શરતો પરિપૂર્ણ કરે તો તેવા અધ્યાપકોને કાયમી કરવા અને પી.એચડી. કરનાર અધ્યાપકો તા.૩૧–૧૨–૨૦૨૧ સુધીમાં થીસીસ સબમીટ કરેલ હોય તો પીએચ.ડી. પાસ કરવાની શરતે કાયમી કરવાનું ઠરાવવામાં આવેલ છે. જેનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, સિન્ડિકેટ દ્વારા ઉપરોકત મુજબ ઠરાવવામાં આવેલ હોય કોલેજોમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમમાં નિમણૂંક પામેલ માન્યતા પ્રાપ્ત અધ્યાપકો પૈકી ૧૧ વર્ષમાં શરત પૂર્ણ કરેલ ન હોય તેવા અધ્યાપકોને નિયમાનુસાર છૂટા કરવાની કાર્યવાહી કરવા અંગેનો યુનિવર્સિટી કાર્યાલયનો તા.૨૯–૦૬–૨૦૨૦ના ક્રમાંક: એસ(૧)/ પરિપત્ર/ ૪૬૫૦/ ૨૦૨૦નો પરિપત્ર રદ કરવામાં આવે છે.

ક્રમાંક: એસ(૧)/ પરિપત્ર/ ૮૬૯૫/ ૨૦૨૦ — **ઈ.ચા.કુલસચિવ**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.

તા. ૦૩–૧૦–૨૦૨૦

**પ્રતિ,**

યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજના આચાર્યશ્રીઓ તથા અનુદાનીત કે સરકારી કોલેજોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતા આચાર્યશ્રીઓ તરફ....